## ચાણકય સેવા ટ્રસ્ટ દ્વારા ૪૧મો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

ચાણક્ય સેવા ટ્રસ્ટ અને વડોદરા જિલ્લા સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના ઉપક્રમે તા.૪ નવેમ્બરના રોજ દિવ્ય પાર્ટી પ્લોટ, વુડા સર્કલ વડોદરા ખાતે યોજાનાર છે. જીવનસાથી પસંદગી સંમેલન ૪૧મું યોજાશે.

ઉમેદવારી પત્ર વિના મુલ્યે મેળવવા માટે ઈશ્વરભાઈ દવે, ૯-કમલ કુંજ સોસાયટી, અર્પણ કોમ્પલેક્ષ પાસે, નિઝામપુરા, વડોદરાથી મળી શકશે.

રંગીન તસ્વીર સાથેનો પ્રત્યેક ઉમેદવારનો પરિચય પુસ્તિકામાં પણ અને ટ્રસ્ટની વેબસાઈટ પર પણ વિનામૂલ્યે મુકાશે. ૧૦ ઑક્ટોમ્બર સુધી ઉમેદવારી પત્ર સ્વીકારવામાં આવશે. ઈશ્વરભાઈ દવે અધ્યક્ષ ચાણક્ય સેવા ટ્રસ્ટે જણાવેલ છે.

## સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજમાં આયુર્વેદિક મેડિકલ ઓફિસરો માટેના જ્ઞાનસત્રનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૩

સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજના આચાર્ય ડૉ. ગનીભાઈ મનસુરીએ જણાવ્યું છે કે, અમદાવાદ ભદ્ર ખાતે સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજમાં પંચકર્મ અને વૃદ્ધાવસ્થા જનીત વ્યાધિઓ વિષય ઉપર ૬ દિવસનો રાષ્ટ્રીય કક્ષાના સી.એમ.ઈ. પ્રોગ્રામ યોજવામાં આવ્યો છે. ડિપાર્ટમેન્ટ ઓફ આયુષ અને રાષ્ટ્રીય આયુર્વેદ વિદ્યાપીઠ ન્યૂ દિલ્હીની સહાયથી યોજવામાં આવેલા રાષ્ટ્રીય કક્ષાનો સી.એમ.ઈ. પ્રોગ્રામ આયુર્વેદિક મેડિકલ ઓફિસરો માટે યોજાયો છે. જેનું ઉદ્ઘાટન મુખ્ય અતિથિ શ્રીધર કસ્તુરના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અમદાવાદના પ્રખ્યાત પ્રોક્ટોલોજીસ્ટ ડૉ. ડી.કે. શાહ, નાયબ નિયામક ડૉ. એચ.સી. દવે, આચાર્ય અને સિન્ડીકેટ સભ્ય ડૉ. ગનીભાઈ મનસુરી, સંસ્થાની હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ. અતુલ ભાવસાર, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી જામનગરના પંચકર્મના વિભાગના વડા ડૉ. અનુપ ઠાકર સહિત કોલેજનાતમામ અધ્યાપકગણ તથા તબીબો ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય કક્ષાના આ જ્ઞાન સત્રમાં મેઘાલય, આસામ, હિમાચલ પ્રદેશ, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, આંધ્રપ્રદેશ અને ગુજરાતમાંથી કુલ ૩૦ મેડિકલ ઓફિસરોને તાલીમ આપવામાં આવશે.

## અધિક માસનું ઉત્થાપન પંચદેવ મંદિરમાં રવિવારે

ગાંધીનગર, તા. ૧૩

પંચદેવ મંદિર સે.-૨૨ ખાતે અધિકમાસનું ઉત્થાપન તા. ૧૬મી સપ્ટેમ્બરના રોજ ભવ્ય કાર્યક્રમ યોજીને રાખેલ છે. પંચદેવ મંદિરના ધર્મ અધ્યક્ષ ભાનુભાઈ વ્યાસે જણાવેલ છે.

## સીનીયર સિટિઝન્સ કાઉન્સીલ દ્વારા નેત્ર ચિકિત્સા પર વાર્તાલાપ

ગાંધીનગર, તા. ૧૩

સિનીયર સિટીઝન્સ કાઉન્સીલના ઉપરક્રમે તા. ૧૫મી સપ્ટેમ્બર સ્ટાફ ટ્રેનિંગ ઈજનેરી કોલેજમાં સાંજે આંખની સંભાળ અંગેનો વિડિયો શૉ વાર્તાલાપ, પ્રશ્નોતરી યોજાશે. સંચાલન અમદાવાદની આઈ કૅર હોસ્પિટલના સર્જન ડૉ. શશાંક રાઠોડ કરનાર છે. આંખની તપાસણી નિઃશુલ્ક કરવા માટે કુપન આપવામાં આવશે.

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના પ્રમુખ એસ.ડી. ગૌસ્વામીએ જણાવેલ છે.

## કડી સર્વ વિશ્વ વિદ્યાલયની ઈન્ટર કોલેજ બેડમિન્ટન સ્પર્ધા સંપન્ન



ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલયની અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના યજમાનપદે તાજેતરમાં બેડમિન્ટન સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટી કક્ષાની આ સ્પર્ધામાં ગર્લ્સ વિભાગમાં ૨૦ કોલેજો અને બોયઝ વિભાગમાં ૧૮ કોલેજોએ ભાગ લીધો હતો. સરકારી જીમખાના સેક્ટર-૧૯માં યોજાયેલી યુનિવર્સિટી કક્ષાની બેડમિન્ટન સ્પર્ધામાં કુલ ૧૧૪ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ખૂબ જ રસાકસીભરી સ્પર્ધાઓમાં બોયઝ અને ગર્લ્સ વિભાગમાં ચેમ્પિયન અને રનર્સ અપ થયેલા ખેલાડીઓને આચાર્ય ડૉ. જે. જે. ભટ્ટ અને યુનિવર્સિટી ઈન્ચાર્જ પ્રો. રણછોડ રથવી તથા સુજલભાઈ પાઠકે અભિનંદન પાઠવ્યા હતા. બોયઝ સિંગલ વિભાગમાં એમ.એસ.સી. સી.એ.આઈ.ટી.નાં ખેલાડી ચેમ્પિયન તથા બાયોટેકનાં ખેલાડી કેતન પટેલ રનર્સ અપ બન્યા હતા. બોયઝ ડબલમાં એલ.ડી.આર.પી. એન્જીનિયરીંગ કોલેજનાં ધ્રુવ પટેલ અને યજ્ઞ રામી ચેમ્પિયન તથા બી.કોમ.ના વિશાલ પટેલ, હિરેન પટેલ રનર્સ અપ બન્યા હતા. ગર્લ્સ સિંગલ વિભાગમાં એલ.ડી.આર.પી. એન્જીનિયરીંગ કોલેજની સીમા જોષી ચેમ્પિયન તથા કે.બી. ફાર્મસી કોલેજની હેલી રસ્તોગી રનર્સ અપ બની હતી. ગર્લ્સ ડબલ્સમાં સીમા જોષી, હનિકા જૈન ચેમ્પિયન તથા અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજની ગાયત્રી પંચાલ, કરૂણા બોરા રનર્સ અપ બની હતી. વિજેતા ખેલાડીઓને યુનિવર્સિટી પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. હંસાવાલા જાનકી, વિરૂ લપટેલ, રવિ બ્રહ્મભટ્ટ, વિપુલ ચાવડા અને રાહુલે સ્પર્ધાને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## ધણપના ખેતરમાંથી શંકાસ્પદ હાલતમાં રાજસ્થાનના યુવાનનો મૃતદેહ મળ્યો

### મૃતકના કપડાં બીજા ખેતરેથી મળ્યા : રાજસ્થાનથી ૧૦ દિવસ અગાઉ દીકરાને મળવાનું કહીને નીકળ્યો હતો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર નજીકના ધણપ ગામના ખેતરમાંથી આજે સવારે વસ્ત્રવિહિન વિકૃત હાલતમાં રાજસ્થાનના યુવાનનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. એક સપ્તાહથી મૃતદેહ ખેતરમાં પડ્યો રહ્યો હોવાથી બોડી અત્યંત કોહવાઈ ગઈ હતી. મૃતકના કપડાં બીજા ખેતરમાંથી મળી આવતા હત્યા થઈ હોવાની શંકા પણ પ્રબળ બની છે ત્યારે કપડાંની તલાશી કરતા તેમાંથી એક ડાયરીનું કાગળ મળી આવ્યુ હતું. જેમાં દશેક હજાર રૂપિયાની લેણ-દેણનો હિસાબ તથા એક મોબાઈલ નંબર મળી આવ્યો હતો. ચિલોડા પોલીસે મૃતદેહને પેનલ ડોક્ટરથી પી.એમ. કરાવવા મોકલી એફએસએલ બોલાવી લીધી છે અને પ્રાથમિક તબક્કે અકસ્માત મોતનો ગુનો નોંધી વાલીવારસને બોલાવી પી.એસ.આઈ. પી.જે. પંડ્યાએ ઉંડી તપાસ હાથ ધરી છે.

ધણપ ગામના કરણસિંહ મનુજી રાણાના કપાસના ખેતરની બાજુમાં બોરકુવા પાસેથી અત્યંત અસહ્ય દુર્ગંધને પગલે તપાસ કરતાં ત્યાંથી એક હાડપીંજર જેવી હાલતમાં અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. જેને પગલે તાત્કાલિક પોલીસને બોલાવી લેતા ચિલોડા પી.આઈ. બી.સી. ઠક્કર તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા. મૃતદેહની ઓળખ તેને દેખીને કોઈપણ સંજોગોમાં થઈ શકે તેવી હાલતમાં ન હતી. એક-એક ઈંચ જેટલા કીડા મૃતદેહમાં પડી ગયા હતા. એક તરફ પોલીસે મૃતદેહ પી.એમ. માટે મોકલી આપી એફ.એસ.એલ. બોલાવી લીધી હતી. બીજી તરફ મૃતકની ઓળખ માટે પોલીસે તજવીજ શરૂ કરી દીધી હતી. જે સ્થળેથી યુવાનનો નગ્ન હાલતમાં મૃતદેહ મળ્યો તેની નજીકના જ ખેતરમાંથી તેના અંર્તવસ્ત્ર સહિતના વસ્ત્રો મળી આવતા આ બાબત વધુ રહસ્યમય બની હતી. કપડાંના ખિસ્સા તપાસતા પોલીસને એક ડાયરીનું કાગળ મળ્યું હતું. જેનાથી પોલીસને ઓળખ માટેની એક કડી મળી. તે કાગળમાં ૭-૪-૨૦૧૦ની તારીખનો દશેક હજારની કિંમતનો લેતી-દેતીનો હિસાબ ઉપરાંત એક મોબાઈલ નંબર લખેલો હતો. નંબર પર સંપર્ક કરતા રાજસ્થાન તેની પત્નિએ કોલ ઉપાડયો હતો. રાજસ્થાનના પ્રતાપગઢ વિસ્તારના ૪૦ વર્ષિય સરદારભાઈ પારધીનો મૃતદેહ હોવાનું પ્રાથમિક તપાસમાં અને નંબર પર થયેલી વાતચીતમાં પોલીસને ધ્યાને આવ્યું હતું. દસ દિવસ પહેલા સરદારભાઈ પારધી રાજસ્થાન ઘરેથી અમદાવાદ પોતાના દિકરાને મળવા જવાનુ કહીને નિકળ્યો હતો. જો કે તે અમદાવાદ પોતાના દિકરાને મળ્યો જ ન હોવાનું જાણવા મળ્યું છે. દસ દિવસથી લાપતા સરદારભાઈની પરિવારજનો તથા અમદાવાદ રહેતો અને મજુરી કામ કરતો તેમનો દિકરો રાત દિવસ એક કરીને શોધખોળ કરતા હતા. પરંતુ ક્યાંથી પત્તો મળ્યો ન હતો. અંતે મૃતદેહ ધણપ પાસેથી મળ્યાના દુઃખદ સમાચાર મળતા જ પરિવારજનોના માથે આભ તુટી પડ્યું હતું અને રાજસ્થાનથી ગાંધીનગર આવવા નીકળી ગયા હતા. સરદારભાઈનો મૃતદેહ ગાંધીનગરના ધણપ વિસ્તારમાં તે પણ નગ્ન અને વિકૃત હાલતમાં કેવી રીતે આવ્યો ? રહસ્યમય સંજોગોમાં મળેલા મૃતદેહ અંગે ચિલોડા પોલીસમથકના પી.એસ.આઈ. પંડ્યાએ સઘન તપાસ આરંભી છે. સરદારભાઈને કોઈ સાથે દુશ્મનાવટ હતી કે લેણદેણને પગલે કોઈ સાથે વેરભાવ હતો તે પરિવારજનોના ગાંધીનગર આવ્યા બાદ પુછતાછ કરાશે. ત્યારબાદ પી.એમ. રિપોર્ટમાં મૃત્યુનું કારણ આવ્યા બાદ હત્યા છે કે આકસ્મિક મોત તે પરથી પડદો હટશે.

## ઉવારસદમાં ધમધમતા દેશી દારૂના ભઠ્ઠાઓ પર પોલીસનો સપાટો

### ૧૫ હજાર લીટર વોશ, ૧ હજાર લીટર દારૂ અને ૭૪ પીપળા મળીને ૮૩ હજારના મુદ્દામાલ સાથે છ ની ધરપકડ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર નજીકના ઉવારસદ ગામના પરા રાણજીપુરામાં ધમધમતા દેશી દારૂના ભઠ્ઠાઓ પર અડાલજ પોલીસે બાતમીને આધારે ગત મોડી રાતથી દરોડાઓ પાડીને સપાટો બોલાવી દીધો હતો. જથ્થાબંધ દેશીદારૂ, વૉશ અને દારૂ ગાળવા વપરાતા સાધનો મળીને રૂ. ૮૩ હજારનો મુદ્દામાલ જપ્ત કરીને છ બુટલેગરોની ધરપકડ કરી લીધી છે. અડાલજ પોલીસે તમામ વિરૂદ્ધ ગુના દાખલ કરી સઘન કાર્યવાહી હાથ ધરી છે. અડાલજ પી.આઈ. એસ.જી. પરમારની ટીમે બાતમીને આધારે મધરાતે ઉવારસદ ગામના પરા રાણજીપુરામાં ધમધમતા દેશી દારૂના ભઠ્ઠાઓ પર સપાટો બોલાવ્યો હતો. અડાલજ પોલીસની ટીમે એક પછી એક લાઈનસર છ મોટી ભઠ્ઠીઓ પર દરોડો પાડીને ૧૪,૮૦૦ લીટર દારૂ ગાળવાનો વૉશ કિં. રૂ. ૫૯,૨૦૦ અને રૂ. ૨૦,૧૦૦ની કિંમતનો ૧૦૦૫ લીટર દેશી દારૂ તથા ૩૭૦૦ની કિંમતના ૭૪ નંગ પીપળા તથા દારૂ ગાળવાના અન્ય સાધનો મળીને કુલ રૂ. ૮૩ હજારની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી છ બુટલેગરોની ધરપકડ કરી લીધી છે. જેમાં ઉવારસદના પરા તરીકે ઓળખાતા રાણજીપુરાના હેમતા બબા ઠાકોર, દશરથ જીવણ ઠાકોર, શૈલેષ ઉર્ફે કાળા લાલા ઠાકોર, ટીના લાલા ઠાકોર, લાલા રવાજી ઠાકોર અને ગોવાજી કાળાજી ઠાકોર મળીને છ આરોપીઓની ધરપકડ કરી રૂ. ૮૩ હજારનો મુદ્દામાલ જપ્ત કરીને તમામ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હોવાનું પી.આઈ. એસ.જી. પરમારે જણાવ્યું છે.

## ગાંધીનગર-સાબરકાંઠા જિલ્લા માહિતી કચેરી અને પ્રાદેશિક માહિતી કચેરીના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર ખાતે માસ મિડીયા કૉમ્યુનિકેશન સેમિનાર યોજાયો



ગાંધીનગર, તા. ૧૩

જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગર દ્વારા અને -દેશિક માહિતી કચેરી, અમદાવાદ તથા જિલ્લા માહિતી કચેરી,સાબરકાંઠાના સંયુકત ઉપક્રમે આજરોજ માસ મીડીયા કોમ્યુનિકેશન સેમિનારનું આયોજન નગરપાલિકા પરીષદ ભવન, સેકટર- ૧૧, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

આ -સંગે ઉપસ્થિત વકતા અને દિવ્ય ભાસ્કરના મેગેઝિન એડિટર શ્રી મનિષ મહેતાએ વિચારની અભિવ્યક્તિનું ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે, ભૂકંપ જેવા મોટા બનાવોના સમયે -િન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયાની જવાબદારી વધી જાય છે. આ સાથો સાથ સોશ્યલ મીડિયાની પણ લોક જાગૃતિ લાવવામાં ખૂબ મોટો અને મહત્વનો ફાળો છે. તેમણે કોમ્યુનિકેશનને ઈફેકટીવ કરવા માટેના વિશ્વના ૪૦ કોરવેલ્યુની વાત કરી હતી. આ કોરવેલ્યુ સાથે પોતાની જાતે તેમાંથી કેટલા શબ્દોનું આપ પાલન કરો છો. તેનું જાત નિરીક્ષણ કરવા કહ્યું હતું. વધુમાં કોમ્યુનિકેશન કરવા માંગો છો, તેની કોરવેલ્યુ ખબર પડી જાય તો આપ સફળ કોમ્યુનિકેશન કરી શકશો. તે ઉપરાંત -િન્ટ મીડિયામાં મહત્વની ભૂમિકા અદા કરવા શબ્દોની તાકાત જરૂરી છે. તેમજ ઈલેકટ્રોનિક અને -િન્ટ મીડિયા વચ્ચેની પાતળી ભેદ રેખા આપી અનેક રસ-દ વાતો કરી હતી. ચિત્રલેખાના સિનિયર રિપોર્ટર શ્રી કેતન ત્રિવેદીએ વિકાસલક્ષી પત્રકારત્વની વાત કરતાં જણાવ્યું હતું કે, હુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્ષ ન વધે ત્યાં સુધી સાચો વિકાસ થશે નહિં. પત્રકારત્વ સમાજમાં સંવેદના જાગાવી શકે અને દિશા આપી શકે તેવું હોવું જોઈએ. આજે ઈલેકટ્રોનિક અને સોશીયલ મીડિયાના કારણે લોકોની વિચારધારા બદલાઈ છે. આખુ ભારત યુવાન ભારત છે. યુવા પેઢીને નકારત્મકતામાં રસ નથી. યુવાવર્ગમાં આજે -રેણા આપતાં પુસ્તકો, મેગેઝીન અને સમાચાર વધુ વંચાય છે. તેમણે પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી ડૉ. અબ્દુલ કલામના બ્લોક બોકસમાં મુકેલ ઈઝરાયેલ પત્રકારત્વની વાતનું દષ્ટાંત આપી કહ્યું હતું કે, થોડાક સમયથી સમાચારોમાં નેગેટીવ સ્ટોરીની જગ્યાએ પોઝીટવ સ્ટોરીનું સ્થાન મીડિયામાં વધ્યું છે. આ -કારના પત્રકારત્વ થકી આપણે સમાજની માનસિકતામાં પરિવર્તન જરૂર લાવી શકીશું.

સાહિત્યકાર શ્રી કેશુભાઈ દેસાઈએ નવી પેઢીના પત્રકારોની સજ્જતા અંગે અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે, -ેમ, જ્ઞાન અને કરૂણાના અભિગમથી નકારાત્મક પત્રકારત્વની દિશા બદલી શકાય છે.પત્રકારત્વએ સમાજ અને વર્તમાનને દોરવાનું કામ કરે છે. તે ઉપરાંત પત્રકારે સમાજમાં ખાલી જગ્યા પુરવાનું કામ પણ કરવાનું છે. પીઢ પત્રકાર અને સાહિત્યકાર શ્રી દોલત ભટ્ટે ગુજરાતના પત્રકારત્વના શ્રી ગણેશની વાત કરતાં જણાવ્યું હતું કે, શરૂઆતના દાયકામાં શાસને લગતા -ેનું નિવારણ આવે તેવી દિશામાં કામગીરી કરવામાં આવતી હતી. સમાજની પરિસ્થિતિનો ચિત્તાાર આપે તે સાચું પત્રકારત્વ છે. સમાજમાં પરિવર્તન લાવવાનું માધ્યમ પોતેજ બનવું પડશે તેવી ટકોર પણ કરી હતી. સમાજના પુર્નનિર્માણ કરવાનું કામ પત્રકારત્વે કરવાનું છે. તેવું ભારપૂર્વક જણાવ્યું હતું. આ -સંગે -દેશિક માહિતી કચેરી, અમદાવાદના નાયબ માહિતી નિયામક શ્રી કે.વી. ભગોરાએ પોતાના -સંગિક -વચનમાં અસરકારક કોમ્યુનિકેશનની વાત કરી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના નાયબ માહિતી નિયામક શ્રી -જ્ઞાબેન પટેલે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરીને મહાનુભાવોનો ટુંકમાં પરિચય આપ્યો હતો. આભારવિધી જિલ્લા માહિતી કચેરી,સાબરકાંઠાના નાયબ માહિતી નિયામક શ્રી મહેશકુમાર રાણાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સબ એડિટર શ્રી પરિમલ પટેલે કર્યુ હતું સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા માહિતી કચેરીના સહાયક અધિક્ષક શ્રી કે.જે.પરમાર, શ્રી કમલ રાઠોડ, શ્રી આર.વી.ત્રિવેદી, શ્રી દેવાંગ કાપડિયા, શ્રી કિરીટસિંહ વાઘેલા, શ્રી રમેશભાઈ પરમાર, શ્રી એસ.એ.પઠાણ, શ્રી ભરત ઠાકુર સહિત સાબરકાંઠા માહિતી કચેરીના સબ એડિટર શ્રી હરેશ પરમાર, વિકટર ડામોર,અને શ્રી કિરીટ નાયકે ભારે જહેમત ઉઠાવી હતી.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૬

સૂર્યાસ્ત : ૬.૪૮

### તાપમાન

મહત્તમ : ૩૦.૮ ડિ.સે.

લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૭૮ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
બર્ફી : ૧.૪૫, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
બર્ફી: ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
રાઝ-૩ : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
રાઝ-૩ ૧૦.૦૦, ૧૦.૦૦
એક થા ટાઈગર : ૧૨.૩૦
જીના હે તો ઠોક ડાલ : ૩.૦૦, ૭.૪૫
કયામત રહી કયામત : ૫.૧૫

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
બર્ફી : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫
: સ્ક્રીન-૨ :
રાઝ-૩ (૨ડી) : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
બર્ફી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦,૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
જીના હે તો ઠોક ડાલ : ૯.૦૦, ૫.૩૦
બર્ફી : ૧૧.૩૦, ૮.૩૦
એક થા ટાઈગર : ૨.૩૦

**સૂર્યા, વાવોલ**

એક થા સૉલજર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
સાજણ મને તમારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
બર્ફી: ૧૦.૩૦, ૧.૧૫, ૨.૦૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
રાઝ-૩ : ૧૧.૧૫, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
લવ સૅક્સ એન્ડ મલ્ટીપ્લેક્ષ: ૧૦.૪૫, ૧૦.૧૫
જીના હે તો ઠોક ડાલ : ૧.૩૦, ૭.૩૦
બર્ફી : ૫.૦૦

**ચિરાગ, કલોલ**

સાજણ તને મારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**ધાર્મિક**

● અધિક ભાદરવા (પુરૂષોત્તમ) માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧,ખાતે હિંડોળામાં ચાંદીનો બંગલો અને શૃંગારમાં ચાંદીના પલના.

### આપની આજ

**મેષ** : નોકરીમાં સહકર્મચારીઓ, મિત્રોનો સાથ- સહકારી મળી રહે. ધર્મમાં આસ્થા વધશે. અટવાયેલા કાર્યોનું નિરાકરણ આવી શકે છે. લાભનો માર્ગ મોકળો બનતો જણાય.

**વૃષભ** : જીવનમાં વિવિધતા પૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**મિથુન** : કાર્યક્ષેત્રમાં મિત્રોનો સાથ સહકાર મળી શખે છે. આર્થિક લાભની તક મળી શકે છે. નોકરીમાં પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. ઋણથી મુક્ત થઈ શકો છો.

**કર્ક** : આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. ચિંતાથી મુક્તિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે.

**સિંહ** : વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થઈ શકે છે. ધર્મ-આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતતનો યોગ. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે.

**કન્યા** : સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ મળી શકે છે. ચિંતાઓમાંથી બહાર આવવાનો માર્ગ મળી શકે છે. કુંટબમાં ઉભી થયેલી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

**તુલા** : સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં પ્રતિષ્ઠામાં વધારો અપાવી શકે છે.

**વૃશ્ચિક** : વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા છે. વિદ્યાર્થીવર્ગ ને દિવસ આનંદમય રીતે પસાર થશે.

**ધન** : વેપાર ક્ષેત્રમાં થયેલ પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. અટકાયેલા નાણાં પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક જવાબદારીઓની ચિંતા હળવી બને.

**મકર** : ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. નોકરીમાં ઉપરવર્ગના અધિકારીઓ સાથે વાદવિવાદ ઉભો થતો હોય તેવી બાબતોથી દૂર રહેવું.

**કુંભ** : કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. ભૂમિ- સંપતિના સોદામાં લાભ થવાની સંભાવના છે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે.

**મીન** : અથાગ પ્રયત્ન કરવા છતાં ઓછો લાભ મળી શકે. નકામો તનાવ, મુશ્કેલીઓના ભારણ નીચે દબાતા હોવાનો અનુભવ થતો જણાય.અનુભવીનું માર્ગદર્શન લેવું.

### ચિરવિદાય

- સ્વ. ભગવતીબેન ભુલેશ્વર જાની (ઉ.વ. ૭૯) મુ. પો. વલાદ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પ્રજાપતિ ગાંડાભાઈ અંબાલાલ (ઉ.વ. ૫૮) મુ. પો. સરગાસણ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ડાહ્યાભાઈ લલ્લુભાઈ સોલંકી (ઉ.વ. ૭૬) પ્લોટ નં. ૫૦૧/૧, સેકટર-૧૩/એ, ગાંધીનગર.